વિદેશી દારૂ ખરીદી/વેચાણ/હેરફેરના એફ.એલ-૧
અને એફ.એલ-૨ લાયસન્સની કામગીરી સંપૂર્ણ
કોમ્પ્યુટરાઇઝેશનથી ઓન લાઇન કરવા બાબત.

ગૃહ વિભાગ
ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંકઃવદર/૧૧૨૦૧૪/૭૦૭/ઇ-૧(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર,
તા. ૦૫/૦૮/૨૦૧૪.

વંચાણે લીધા :- (૧) ગૃહ વિભાગનો તા.૦૪/03/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ વદર/૧૧/૨૦૧૩/૧૬૬૨/ઇ-૧.
(૨) ગૃહ વિભાગનો તા.૦૪/03/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ વદર/૧૧/૨૦૧૩/૧૬૬૨(૧)/ઇ-૧
(૩) ગૃહ વિભાગનો તા.૦૪/03/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃવદર/૧૧/૨૦૧૩/૧૬૬૨(૨)/ઇ-૧
(૪) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગુ.રા, અમદાવાદનો તા.૦૭/૦૭/૨૦૧૪નો પરિપત્ર ક્રમાંકઃવદરઃ૧૭-૨/૨૦૧૪/એક્સા-૧/૬૦૯
(૫) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગુ.રા, અમદાવાદનો તા.૦૭/૦૭/૨૦૧૪નો પરિપત્ર ક્રમાંકઃવદરઃ૧૭-૨/૨૦૧૪/એક્સા-૧/૬૧૦
(૬) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગુ.રા, અમદાવાદનો તા.૦૭/૦૭/૨૦૧૪નો પરિપત્ર ક્રમાંકઃવદરઃ૧૭-૨/૨૦૧૪/એક્સા-૧/૬૧૧

પરિપત્ર :-

ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૩૩ અને ૩૪ ની જોગવાઇઓ અન્વયે રાજયમાં મુંબઇ વિદેશી દારૂ નિયમો ૧૯૫૩ના નિયમ-૫ મુજબ એફ.એલ-૧ અને નિયમ-૨૫ મુજબ એફ.એલ-૨ પરવાના આપવામાં આવે છે. આ પરવાનેદારો દ્વારા નિયમ-૬૩, ૬૪, ૬૪(એ), ૬૪(બી), ૬૪(સી), ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૦(ક) મુજબ વિદેશી દારૂ ના વિવિધ પાસ/પરમીટો તથા ગ્રુપ પરમીટો, વિદેશી દારૂની આયાત, ખરીદ-વેચાણ, હેરફેર ની કામગીરી કરવામાં આવે છે. આ કાર્ય પધ્ધતિમાં સુધારા લાવવાની બાબત વિચારણા હેઠળ હતી. આમુખ ક્રમાંક-૨ માં ઉલ્લેખીત ગૃહ વિભાગના તા.૦૪/03/૨૦૧૪ના ઠરાવ થી નશાબંધી અને આબકારી ખાતા હસ્તકના એફ.એલ-૧ /એફ.એલ-૨ લાયસન્સ ધારકોએ વિદેશી દારૂની ખરીદી/આયત, વેચાણ, હેરફેરની સઘળી કામગીરી ઇન્ટીગ્રેટેડ સ્ટોક મેનેજમેન્ટ સીસ્ટમ (Integrated Stock Management System) વડે જ કરવાનું ઠરાવમાં આવેલ છે. આમુખ ક્રમાંક-૫ માં ઉલ્લેખીત નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતું, ગુ.રા, અમદાવાદના પરિપત્ર અન્વયે આ સીસ્ટમનો અમલ તા.૧૬/૦૬/૨૦૧૪ થી સમગ્ર રાજ્યમાં કરવા માટે સુચનાઓ પરિપત્રીત કરવામાં આવેલ છે.

આ સીસ્ટમનો અમલ કરવામાં પડતી મુશ્કેલીઓ બાબતે રાજ્યની કેટલીક હોટલોના એફ.એલ-૧ અને એફ.એલ-૨ પરવાનેદારો દ્વારા સરકારશ્રીને રજુઆત કરવામાં આવતા, પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) પરવાનેદાર જો એફ.એલ-૧ અને એફ.એલ-૨ બંને પરવાના ધરાવતા હોય તો સ્ટોક એકજ લાયસન્સ હોલ્ડર પાસે રહેતો હોઇ, બારકોડ સ્કેનીંગ કરવાનું રહેશે નહી.

(૨) એફ.એલ-૨ માંથી બિયરના છુટક વેચાણ માટે ઇસ્યુ કરવામાં આવનાર બીયરની બોટલની સંખ્યાને મલ્ટીપ્લાય કરી બારકોડ નંબરની સીરીઝના ક્રમ મુજબની સંખ્યાની કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરી હિસાબ રાખવો. દરેક બોટલનું સ્કેનીંગ કરવાનું રહેશે નહી.

(૩) વિદેશી નાગરિકને લીકર અંગેની પરમીટ ઇસ્યુ કરવા માટે જો તે હોટલ પર રહેતા હોય તો પાસપોર્ટ સિવાય અન્ય કોઇ પ્રુફ માંગવાનું રહેશે નહી. જો હોટલ સિવાય અન્ય કોઇ સ્થળે રહેઠાણ હોય તો હોસ્ટ(યજમાન) નું ચૂંટણી કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાન કાર્ડ પૈકી કોઇ પણ એક પ્રુફ રજુ કરવાનું રહેશે. જો ગેસ્ટ હાઉસમાં રહેતા હોય તો સબંધિત ગેસ્ટ હાઉસ કે હોટલનું આ બાબત નું લખાણ રજુ કરવાનું રહેશે.

(૪) સિનિયર સીટીજન ૭૦ વર્ષથી ઉપરના હોય અને તેઓ લીકર શોપ પર આવી શકે તેમ ન હોય તો તેઓ દ્વારા ઓથોરાઇઝડ કરેલ વ્યક્તિ ને પરવાના હેઠળના યુનિટ આપવાના રહેશે.

(૫) જે હોટલો એફ.એલ-૧ અને એફ.એલ-૨ પરવાના ધરાવે છે તેઓ દ્વારા મેન્યુઅલ પધ્ધતિથી કરાતી કાર્યવાહી ૧૫ ઓગષ્ટ ૨૦૧૪ બાદ બંધ કરવી અને કોમ્પ્યુટરાઇઝ સીસ્ટમથી જ પરવાના હેઠળની તમામ કાર્યવાહી કરવી.

(૬) ઇલેકટ્રીસીટી ઉપલબ્ધ ન હોવાના કિસ્સામાં તેટલા સમય પુરતી ઓફ લાઇન એન્ટ્રી કરી જ્યારે ઇલેકટ્રીસીટી ઉપલબ્ધ થાય ત્યારે ઓન લાઇન એન્ટ્રી કરી લેવાની રહેશે.

(૭) એફ.એલ-૧ અને એફ.એલ-૨ માં ઓનલાઇન સીસ્ટમમાં બીલ નીકળવા બાબતે જો કોઇ ટેકનીકલ મુશ્કેલી હોય તો જીઆઇપીએલના પરામર્શમાં તેનો નિકાલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(પ્રકાશ પટણી)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (ગુહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી ગુહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (વી અને પ્રો) વિજ્ઞાન અને પ્રધોગિક વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ચેરમેન કમ મેનેજિંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઇન્ફોમેટીક્સ લી.ગાંધીનગર
- નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતું, ગુ.રા, અમદાવાદ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી ગુજરાત પ્રવાસન નિગમ, ગાંધીનગર
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી ફ્લેમીંગો ડ્યુટી ફ્રી લીમીટેડ (વાઇનશોપ) અમદાવાદ એરપોર્ટ, અમદાવાદ
- સંયુક્ત સચિવશ્રી (ક.ગ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ